પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 10.11.2026 **MORNING: 7.45 TO 7.55**
Day: TUESDAY **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****

1) રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે ફોન તાજેતરના સંઘર્ષ ઘટનાક્રમ પર પોતાનો દ્રષ્ટિકોણ શેર કર્યો

2) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે રશિયાના વિદેશ મંત્રી સેર્ગેઈ લવરોવ સાથે ફોન પર યુક્રેન સંઘર્ષ અને તેને ઉકેલવા માટેના રાજદ્વારી પ્રયાસો અંગે વાતચીત કરી

3) યુક્રેન સંઘર્ષનો અંત લાવવા માટે આજથી અબુ ધાબીમાં અમેરિકા , યુક્રેન અને રશિયા વચ્ચે બે દિવસની વાટાઘાટો શરૂ થશે

4) વિશ્વભરમાં ગુજરાતી સમુદાયની આજે નવા વર્ષની ઉજવણી - વિક્રમ સંવત 2083ના નૂતન વર્ષનો નવી આશા, ઉમંગ અને અપેક્ષાઓ સાથે આજે પ્રારંભ

5) હેમિલ્ટનના સેડન પાર્ક રમાઈ રહેલી ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રીજી મેચમાં વરસાદને કારણે ટોસમાં વિલંબ

.....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

PM MODI – UKRAINE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કી સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી.

ગઈકાલે ફોન પર રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ તાજેતરના સંઘર્ષ ઘટનાક્રમ પર પોતાનો દ્રષ્ટિકોણ શેર કર્યો. વાતચીત દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ ભારતના લોકો-કેન્દ્રિત અભિગમનો પુનરોચ્ચાર કર્યો અને સંવાદ અને રાજદ્વારી દ્વારા સંઘર્ષનો ઉકેલ લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારત સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટેના તમામ પ્રયાસોમાં યોગદાન આપવા તૈયાર છે.

બંને નેતાઓએ યુક્રેન અને ભારતના લોકોને લાભ થાય તે હેતુથી વિવિધ ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે સહયોગને વધુ મજબૂત બનાવવાની રીતો પર પણ ચર્ચા કરી.

JAISHANKAR - RUSSIA FM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે રશિયાના વિદેશ મંત્રી સેર્ગેઇ લવરોવ સાથે ફોન પર વાત કરી હતી . ગઈકાલે ફોન પર વાત કર્યા બાદ સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ . જયશંકરે જણાવ્યું હતું કે તેમની વાતચીત યુક્રેન સંઘર્ષ અને તેને ઉકેલવા માટેના રાજદ્વારી પ્રયાસો પર કેન્દ્રિત હતી . બંને નેતાઓએ ર શિયા-ભારત સહયોગના વર્તમાન મુદ્દાઓ તેમજ સંબંધિત પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી

UKRAINE TALKS

યુક્રેનિ સંઘર્ષનો અંત લાવવા માટે આજથી અબુ ધાબીમાં અમેરિકા , યુક્રેન અને રશિયા વચ્ચે બે દિવસની વાટાઘાટો શરૂ થશે. આ વર્ષે ફેબ્રુઆરીમાં વાટાઘાટો સ્થગિત થયા બાદ અમેરિકાની મધ્યસ્થી હેઠળ યોજાયેલી આ બેઠક પ્રથમ ઔપચારિક ત્રિપક્ષીય ચર્ચા છે. અમેરિકાના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહેલા યુએસના ખાસ દૂત જેરેડ કુશનર અને સ્ટીવ વિટકોફે જણાવ્યું હતું કે વાટાઘાટોનો હેતુ સંઘર્ષ પછીની સુરક્ષા પરિસ્થિતિને સ્પષ્ટ કરવાનો છે જેથી ખાતરી કરી શકાય કે યુદ્ધવિરામ પછી સંઘર્ષ ફરી ન ભડકે. તેઓ પ્રાદેશિક સરહદોથી યુરોપ સુધી વિસ્તરેલા વ્યાપક સુરક્ષા માળખાની પણ ચર્ચા કરે છે. અન્ય તાત્કાલિક પ્રાથમિકતાઓમાં તણાવ ઘટાડવાના પગલાં , માનવતાવાદી સહાય વિતરણ, કેદીઓની આપ-લે અને યુક્રેનના પુનર્નિર્માણ માટે આંતરરાષ્ટ્રીય સહાય માટે એક માળખું સ્થાપિત કરવાનો સમાવેશ થાય છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને માંગ કરી છે કે યુક્રેન ચાર કબજા હેઠળના પ્રદેશોને છોડી દે , તેની લશ્કરી તાકાત ઘટાડે અને નાટોમાં જોડાવાના પ્રયાસો છોડી દે. બીજી તરફ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ યુક્રેનની સાર્વભૌમત્વ સાથે સમાધાન કરતી કોઈપણ બળજબરીથી શરણાગતિ અથવા કાર્યવાહીને નકારી કાઢી છે અને નાટોના કલમ 5 હેઠળ પૂરી પાડવામાં આવેલી જેમ ભવિષ્યના આક્રમણ સામે મજબૂત સુરક્ષા ગેરંટીની માંગ કરી છે.

રશિયાએ યુરોપિયન શક્તિઓને બાકાત રાખવા માટે વાટાઘાટો ત્રિપક્ષીય રાખવા પર ભાર મૂક્યો છે. યુક્રેન પ્રતિનિધિમંડળ સાથે સંકલન બેઠકો યોજવા માટે યુરોપિયન સંઘના દેશો બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને નાટોના પ્રતિનિધિઓ પણ અબુ ધાબીમાં હાજર છે.

MEDICAL COMMISSION ADVISORY

નેશનલ મેડિકલ કમિશન દ્વારા એમબીબીએસના પ્રવેશ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ માટે સલાહ જાહેર કરી છે. જેમાં વિદ્યાર્થીઓની મેડિકલ કોલેજની માન્યતા ઓથેન્ટિસિટી ચેક કરી લેવા તેમજ કોલેજની મંજૂર કરાયેલી બેઠકો તથા શૈક્ષણિક વર્ષની મંજૂરી સહિતની ચકાસણી કરવા તાકીદ કરાઇ છે. કમિશને વિદ્યાર્થીઓને કોલેજમાં ફી ચૂકવણીને લઇને સાવચેત રહેવા પણ સલાહ આપી છે.

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

GUJARAT- NEW YEAR

વિશ્વભરમાં ગુજરાતી સમુદાય આજે નવા વર્ષની ઉજવણી કરી રહ્યો છે. વિક્રમ સંવત કેલેન્ડરમાં કાર્તિક મહિનાનો પહેલો દિવસ બેસતુ વર્ષ તરીકે ઓળખાય છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રી અમિત શાહે લોકોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. અમારા સંવાદદાતા અપર્ણા ખૂટનો અહેવાલ..

(VC - અપર્ણા ખૂટ)

IMD – WEATHER

હવામાન વિભાગે આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં મુશળધાર વરસાદની આગાહી કરી છે.

વિભાગના જણાવ્યા અનુસાર , બિહાર, નાગાલેન્ડ, મણિપુર, ત્રિપુરા અને મિઝોરમમાં આગામી બે દિવસ ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના છે. આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં આજે જોરદાર પવન ફૂંકાવાની શક્યતા છે.

MEN'S CRICKET

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પાંચ મેચની એકદિવસીય શ્રેણીની ત્રીજી મેચ આજે હેમિલ્ટનના સેડન પાર્ક ખાતે રમાશે. આ મેચમાં વરસાદને કારણે વિલંબ થઈરહ્યો છે. મેચ સવારે સાડા સાત વાગ્યે શરૂ થશે. ભારત ઓકલેન્ડ અને વેલિંગ્ટનમાં શ્રેણીની પહેલી બે મેચ જીતી ચૂક્યું છે. શ્રેણીની ચોથી મેચ શુક્રવારે રમાશે.

CRICKET-ASIA CUP

અંડર 19 એશિયા કપ ક્રિકેટ મેચમાં ભારત અને UAE આજે એકબીજા સામે ટકરાશે. આ મેચ ઓમાનના અલ અમેરાત ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ભારતીય સમય મુજબ સવારે સાડા દશ વાગ્યે શરૂ થશે.

ACC પુરુષ અંડર-19 એશિયા કપની તેરમી આવૃત્તિ પાંચ થી 14 નવેમ્બર દરમિયાન ઓમાનમાં રમાઈ રહી છે. આ એક દિવસીય સ્પર્ધામાં ભારત , પાકિસ્તાન, નેપાળ, યુએઈ, બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન અને મલેશિયાની ટીમો ભાગ લઈ રહી છે.

આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકીતા શાહ

- આજના અખબારોમાં શરૂ થતું નવું વર્ષ લોકો માટે સુખ સમૃદ્ધિ લાવે તેવી કામના કરાઇ છે સંદેશની હેડલાઈન છે સંવત 2083 દેશવાસીઓ માટે સુખ સમૃદ્ધિ લાવે તેવી અભ્યર્થના
- ગુજરાત સમાચાર એ લખે છે ઉમંગ અને ઉત્સાહ સાથે આજથી વિક્રમ સંવત 2083 નો પ્રારંભ
- આ સાથે ગુજરાત સમાચારે દિવાળીની રાત્રે ગુજરાતમાં પ્રદૂષણની પરાકાષ્ઠા એક્યુઆઇ 5 થયોને પણ હેડ લાઈન બનાવી છે
- નવ ગુજરાત સમય લખે છે દિલ્હીમાં ડબલ્યુએચઓ ની મર્યાદા કરતા 66 ગણું વધારે પ્રદૂષણ
- આ ઉપરાંત ઈરાની પરમાણુ શક્તિ છીનવી લેવા ટ્રમ્પ હવે પુતીન જીનપીંગ ની મદદ લેશે એ સમાચારને પણ મુખ્ય પાને લીધા છે.
- સ્થાનિક સમાચારોમાં દિવાળીની રાત્રે અમદાવાદની હવા ઝેરી બની..
- વાઇબ્રન્ટ સમિટમાં યુવાઓને આકર્ષવા સ્ટાર્ટઅપ મહાકુંભ યોજાશે..
- પહેલી ડિસેમ્બર થી ડ્રગ વેચાણની ફરિયાદ માટે 1033 હેલ્પલાઇન શરૂ થશે અને ધીમા પગલે શિયાળાનું આગમન કુલ ગુલાબી ઠંડીનો અહેસાસ જેવા સમાચારોને સ્થાન અપાયું છે.
